# બેટી બચાવો બેટી પઢાવો અને મહિલા ગ્રામ વિદ્યાપીઠની બહેનોને શુભેચ્છા સમારંભ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા તા.08/03/2018 ના રોજ " બેટી બચાવો બેટી પઢાવો" સૂત્રને સાકાર કરતાં મહિલા ગ્રામ વિદ્યાપીઠની બહેનોને વિશ્વ મહિલા દિવસની શુભેચ્છા પાઠવી આગળ અભ્યાસ કરવાં માટે પ્રેરણારૂપ વક્તવ્ય આપવામાં આવ્યું. કામની સાથે જીવનમાં આગળ કઈ રીતે વધી શકાય તેના સચોટ ઉદાહરણ આપવામાં આવ્યા. ત્યાંની બહેનોને ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયાથી લઈને પરીક્ષા સુધીની તમામ માહિતીઓ પૂરી પાડવામાં આવી. યુનિવર્સિટીના કો-ઓર્ડીનેટર ડૉ.એચ.કે. સોલંકી અને એનારડે ફાઉન્ડેશનના શંભુભાઈ દેસાઈના હસ્તે બહેનોને ઇનામો અને સર્ટીફીકેટ વિતરણ કરી " બેટી બચાવો બેટી પઢાવો"ના સંકલ્પથી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.



## ડો.આંબેડકર યુનિ.માં ઓનલાઇન ફોર્મ ભરાશે

કલોલ : કલોલની શ્રી પી.એચ.જી. મ્યુનિ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં ચાલતા ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવૅસીટી સેન્ટરમાં ૭ જુલાઈએ લેવાનારી પરીક્ષાના ફોર્મ ઓન લાઈન ભરાશે. જૂના અને નવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ૨૮ મેથી ૧૦ જૂન સુધી ઓન લાઈન ભરવાના આજથી શરૂ થઈ ગયા છે. પરીક્ષા ફોર્મ ભરનાર જ પરીક્ષા આપી શકશે. સેન્ટરના દરેક વિદ્યાર્થીએ પરીક્ષા અને નવા પ્રવેશ મેળવવા માટે કલોલ કોલેજના કો.ઓર્ડીનેટર ડો.એચ.કે.સોલંકીનો સંપર્ક કરવો.



## મહિલા ગ્રામ વિદ્યાપીઠમાં શુભેચ્છા સમારંભ યોજાયો

કલોલ : કલોલના નારદીપુરમાં મહિલા ગ્રામ વિદ્યાપીઠમાં અભ્યાસ કરતી કોલેજની ચારસો જેટલી બેનોનો વિશ્વ મહિલા દિને શુભેચ્છા અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. પ્રો. રાજેશકુમાર પટેલે સ્વાગત પ્રવચનમાં મહેમાનોનો પરિચય આપ્યો. સમારંભના મુખ્ય મહેમાન આંબેડકર ઓપન યુનિ. કો. ઓર્ડીનેટર ડો.એચ.કે.સોલંકી અને એનારડે ફાઉન્ડેશનના શંભુભાઈ દેસાઈના હસ્તે બહેનોને ઈનામો અને સર્ટીફિકેટ વિતરણ કરી બેટી બચાવો બેટી ભણાવો ના સંકલ્પ લેવડાવ્યા. નિયામક જય ગોપાલ પંડિતે સંસ્થાની બહેનોને વિવિધ પ્રવૃતિમાં રસ લેવા બદલ અભીનંદન પાઠવ્યા હતા. ઈન્ચાર્જ આચાર્ય રિટાબેને આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ ગોવિંદભાઈ રાવલે કરી હતી.